RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 155, Dt.14-09-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિશ્વના ૯૫% લોકોને કોઈને કોઈ રોગનો શિકાર

## હેલ્ધી લોકોની સંખ્યા માત્ર ૪.૩ ટકાઃ અમીર હોય કે ગરીબ દેશ, લોકો વિવિધ પ્રકારની બિમારીઓથી પિડાઇ રહ્યા છે : હોસ્પિટલો હાઉસફુલ : જેમ જેમ જનસંખ્યા વધે છે તેમ તેમ બિમારી મોઢુ ફાડે છે : ૩૩%ને પાંચથી વધુ બિમારી : કોવિડે પડયા પર પાટુ માર્યુ : ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
આજના જમાનામાં તમે જે પણ વ્યકિત જુઓ છો તે બીમાર દેખાય છે. હોસ્પિટલોમાં લોકોની લાંબી કતારો છે અને ડોકટરોની એપોઈન્ટમેન્ટ મેળવવી મુશ્કેલ બની રહી છે. આ સ્થિતિ કોઈ એક દેશની નથી પરંતુ તમામ દેશોની છે. અમીર હોય કે ગરીબ, એશિયા હોય કે યુરોપ, દરેક રીતે રોગોનો કહેર જોવા મળી રહ્યો છે. જેમ જેમ વસ્તી વધી રહી છે તેમ તેમ રોગો પણ વધી રહ્યા છે. અહેવાલો અનુસાર, હાલમાં વિશ્વની વસ્તી ૮૦૦ કરોડથી વધુ છે,પરંતુ તેમાંથી ૫૦ કરોડ લોકો પણ એવા નથી જેઓ સંપૂર્ણ સ્વસ્થ હોય આ અંગેનું જૂનું સંશોધન પણ ઘણું ચોંકાવનારું છે.

સાયન્સ ડાયરેકટના અહેવાલ મુજબ, વિશ્વના ૯૫% થી વધુ લોકો કોઈને કોઈ સ્વાસ્થ્ય સમસ્યાથી પીડિત છે. લગભગ ૩૩ ટકા લોકો એવા છે જેમને ૫ થી વધુ રોગો છે. તંદુરસ્ત લોકોની સંખ્યા માત્ર ૪.૩% છે. આ દ્રષ્ટિકોણથી, એવા ઘણા ઓછા લોકો છે જે સંપૂર્ણપણે સ્વસ્થ છે. ૨૦૧૩માં ગ્લોબલ બર્ડન ઑફ ડિસીઝ (GBD)ના વિશ્લેષણમાં આ હકીકત સામે આવી હતી. આ અહેવાલ લેન્સેટમાં પ્રકાશિત થયો હતો. સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના મતે હાલમાં સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડિત લોકોની સંખ્યા પહેલા કરતા વધુ હોઈ શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કોવિડએ કરોડો લોકોના સ્વાસ્થ્યને પણ બગાડયું છે.૧૯૯૦ અને ૨૦૧૩ની વચ્ચે, સંશોધકોએ ૧૮૮ દેશોના રોગોથી સંબંધિત ૩૫૬૨૦ સ્રોતોનું વિશ્લેષણ કર્યું હતું, જેમાં ઘણી આશ્ચર્યજનક બાબતો સામે આવી હતી. તે બહાર આવ્યું હતું કે વિશ્વમાં મોટાભાગના લોકો બીમાર છે. સૌથી સામાન્ય બિમારીઓમાં પીઠનો દુખાવો, ડિપ્રેશન, એનિમિયા, ગળામાં દુખાવો અને વય-સંબંધિત સાંભળવાની ખોટ હતી. તે પણ બહાર આવ્યું હતું કે લગભગ ૫૦ ટકા લોકોનું



સ્વાસ્થ્ય મસ્કયુલોસ્કેલેટલ ડિસઓર્ડર અને માનસિક અને માદક દ્રવ્યોના દુરૂપયોગના વિકારને કારણે બગડી રહ્યું છે. ૨૦૧૩માં એવી આશંકા હતી કે ડાયાબિટીસ ઝડપથી વધશે, જે સાચો સાબિત થઈ રહ્યો છે.

ડાયાબિટીસ એટલાસનો રિપોર્ટ દર્શાવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે અને હાલમાં વિશ્વમાં ૫૩ કરોડથી વધુ લોકો ડાયાબિટીસથી પીડિત છે. આ ઉપરાંત પલ્મોનરી ડિસીઝ અને અસ્થમા પણ ઝડપથી વધી રહ્યા છે. માનસિક સ્વાસ્થ્યના દર્દીઓની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે.

એકંદરે એમ કહી શકાય કે મેડિકલ સાયન્સ જેટલી ઝડપથી આગળ વધી રહ્યું છે તેટલી ઝડપથી નવા નવા રોગો ઉભરી રહ્યા છે અને લોકોના સ્વાસ્થ્યને બગાડી રહ્યા છે. આજના સમયમાં સ્વસ્થ રહેવું એ સૌથી મોટો પડકાર છે.

# ખાદ્યતેલોની આયાત જકાતમાં ધરખમ વધારો થતા આમ આદમીને ઝટકોઃઘઉં-ચોખા-ડુંગળીમાં નવા નિયમ

## ખાદ્યતેલોમાં ડબ્બે રૂ.૧૫૦ સુધીનો ભાવ વધારો; એક જ ઝાટકે આયાત જકાત ચાર ગણી વધારાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
હરીયાણા સહીતના રાજયોમાં વિધાનસભા ચૂંટણી અને આગામી તહેવારો પૂર્વે કેન્દ્ર સરકાર દ્વારા ખાદ્યતેલ, ઘઉં, ડુંગળી તથા ચોખાને લગતા ધરખમ નિર્ણયો લેવામાં આવ્યા છે જેને પગલે ભાવ મોરચે મોટી ઉથલપાથલ થવાના ભણકારા છે.

આયાતી ખાદ્યતેલોમાં રાતોરાત ડબ્બે ૧૫૦ રૂપિયા સુધીનો ભાવ વધારો થઈ ગયો છે.સપ્તાહમાં ડબ્બે ૩૦૦ વધી ગયા છે. વપરાશકારોને જોરદાર ઝટકો લાગ્યો છે.

કેન્દ્ર સરકારે રાતોરાત લીધેલા નિર્ણય અંતર્ગત ખાદ્યતેલો પરની આયાત જકાતમાં ૨૨ ટકા સુધીનો વધારો કર્યો છે. ફૂડ ખાદ્યતેલની આયાત જકાત ૫.૫ ટકાથી વધારીને ૨૭.૫ ટકા કરવામાં આવી છે. રીફાઈન્ડ ખાદ્યતેલ પરની આયાત જકાત ૧૩.૭૫ ટકાની વધારીને ૩૫.૭૫ ટકા કરવામાં આવી છે.

દેશમાં તેલીબીયાની નવી સિઝન ટાણે ઘરઆંગણે ખેડુતોને રાહત થાય તેવા આશયથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે આ નિર્ણયને પગલે ખાદ્યતેલો સળગી ગયા છે અને જોરદાર ભાવવધારો થયો છે.

કેન્દ્ર સરકારનાં નોટીફીકેશન મુજબ આયાત જકાતમાં આ વધારો તાત્કાલીક અસરથી લાગુ થશે ભારત ફૂડ પામતેલ, ફુડ સોયાતેલ, ફૂડ સનફલાવર તેલ ઉપરાંત રીફાઈન્ડ તેલની પણ જંગી માત્રામાં આયાત કરે છે. દેશની ખાદ્યતેલની કુલ



જરૂરીયાતનાં ૭૦ ટકા આયાત કરવામાં આવ્યા છે. ઈન્ડોનેશીયા, મલેશીયા, તથા થાઈલેન્ડ આર્જેન્ટીનાં બ્રાઝીલ, રશીયા, યુક્રેનની આયાત થાય છે.

ડયુટી વધારાના નિર્ણયને પગલે તેલબજારમાં બપોર સુધી સોદા ઠપ્પ હતા.વેપારીઓએ કહ્યું કે એકાદ સપ્તાહથી ડયુટી વધારાની વાત હતી અને તેના કારણે ભાવમાં ડબ્બે ૧૫૦ રૂપિયા વધી જ ગયા હતા હવે વધુ ૧૫૦ રૂપિયા વધી શકે છે.

જોકે વાસ્તવિક ગણતરીને કારણે બપોર સુધી કોઈ સોદા થયા ન હતા.ડયુટી વધારાની અસરો ડબ્બે કુલ ૨૭૦ રૂપિયાનો ભાવ વધારો થઈ શકે છે હવે નવા સપ્તાહમાં વૈશ્વીક માર્કેટનો ટ્રેન્ડ ભાગ ભજવશે.

# મંકીપોકસની પહેલી વેકસીનને WHOની મંજૂરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**
હેલ્થ ઓર્ગેનાઈઝેશન શુક્રવારે બલેરીયલ નોર્કીકની એમવીએ બીએન વેકસિનને મંકીપોકસ સામે પ્રથમ શોટ તરીકે મંજુરી આપી છે. ડબલ્યુએચઓએ શુક્રવારે જણાવ્યું હતું કે તેણે વયસ્કોમાં મંકીપોકસનાં ઉપચાર માટે વેકિસનના ઉપયોગ માટે પહેલી મંજુરી આપી દીધી છે. આને તેણે આફ્રિકા અને અન્ય સ્થાનો પર આ બિમારીનો સામનો કરવાની દિશામાં એક મહત્વનુ પગલુ દર્શાવ્યુ હતું.ડબલ્યુએચઓના મહા નિર્દેશક ટેડ્રોસ એડનોમ ધેબ્રેયેસએ કહ્યુ હતુ કે એમ પોકસ મીંકી (પોકસ)ની સારવાર માટે વેકિસનનાં ઉપયોગને મંજુરી મળવી આ બિમારી સામે અમારી લડાઈમાં મહત્વનું પગલુ છે.

વેકિસનને બે ડોઝમાં ૧૮ વર્ષ કે તેથી વધુ વયનાં લોકોને આપી શકાય છે. જોકે આ વેકિસન હાલમાં ૧૮ વર્ષથી ઓછી વયના લોકો માટે લાયસન્સ પ્રાપ્ત નથી પણ તેનો ઉપયોગ શિશુઓ બાળકો અને કિશોરોમાં એ પ્રકોપવાળા ક્ષેત્રો કરી શકયા છે. જયાં રસીકરણનો લાભ સંભવીત જોખમોથી વધુ છે.ડબલ્યુએચઓએ ગત મહિને આફ્રિકાનાં અનેક ભાગોમાં મંકીપોકસનાં પ્રસારને જોતા બીજી વખત તેને જાહેર સ્વાસ્થ્ય ઈમરજન્સી જાહેર કરી હતી.

**શું છે મંકીપોકસનાં લક્ષણ?**
આફ્રિકા રોગ નિયંત્રણ અને રોકથામ કેન્દ્રનાં અધિકારીઓએ ગત મહિને કહ્યું હતું કે કોંગો (જે મંકીપોકસથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે) માં લગભગ ૭૦ ટકા કેસ બાળકોમાં છે.મંકીપોકસ એમપોકસ તરીકે




પણ ઓળખાય છે આ સંક્રામક વાયરલ રોગ છે. શરીરમાં દાણા ઉપસવા ફોડલા પડવા, તાવ, શરીરમાં દુઃખાવો તેના લક્ષણ છે.

**મંકીપોકસ પર ભારત એલર્ટઃ**
ભારતમાં મંકીપોકસના પ્રથમ કેસની પુષ્ટિ થયા બાદ હાલમાં જ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બધા રાજયોને એડવાઈઝરી જાહેર કરી છે. અને દરેક શંકાસ્પદ મામલામાં સ્ક્રીનીંગ અને તપાસ પર ફોકસ કરવાનું કહેવામાં આવ્યુ છે. મંત્રાલય તેના પર કડક નજર રાખી રહ્યું છે અને લોકોને ગભરાટથી દુર રહેવા અપીલ કરાઈ છે.

# જાહેર સ્થળોએ ફર્નીચરમાં ઉપયોગમાં લેવાતા કાપડનું ફાયરપ્રુફ રાખવાનું ફરજીયાત

■ **કેન્દ્ર સરકારનો ફાયર સેફટી મામલે મહત્વપૂર્ણ નિર્ણયઃ ૧ એપ્રિલ ૨૦૨૫ થી લાગુ થશે**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનાર અગ્નિકાંડ બાદ બેકફૂટ પર આવેલી રાજય સરકારે (ગેમઝોન એમ્યુઝમેન્ટ પાર્ક માટે નવા નિયમો લાગુ કર્યા જ છે અને ફાયર સેફટી કાયદાનો અસરકારક અમલ શરૂ કરાવ્યો છે. જયારે કેન્દ્ર સરકારે પણ એક મહત્વપુર્ણ નિર્ણય લીધો છે જે અંતર્ગત મોલ,એરપોર્ટ, હોસ્પીટલ, સ્કુલ-શિક્ષણ સંસ્થાનો, હોટેલ-રેસ્ટોરા જેવા જાહેર સ્થળોએ ફર્નીચરમાં ઉપયોગમાં લેવાતુ કાપડ ફાયરપ્રુફ રાખવાનું ફરજીયાત બનાવવામાં આવ્યુ છે.

જાહેર સ્થળોએ ફાયર સેફટી માટે આ કડક નિર્ણયો લેવાયા છે.સહકારી નિયમ મુજબ ઉકત જાહેર સ્થળોની વ્યાખ્યામાં આવતા સ્થાનોનાં ફર્નીચરમાં એવા ફેબ્રુકસ (કાપડ)નો ઉપયોગ કરવો પડશે જે ફાયર રેઝીસ્ટેટ (આગ પ્રતિરોધક) હોય ટેકસટાઈલ્સ મંત્રાલય દ્વારા એમ કહેવાયું છે કે કવોલીટી કન્ટ્રોલ ઓર્ડર અંતર્ગત ધર્મસ્થાનો, મ્યુઝીયમ, અંડર ગ્રાઊન્ડ, શોપીંગ કોમ્પ્લેકસ, મોલ સહીતનાં સાર્વજનીક સ્થાનોએ ઉપયોગમાં લેવાતી ખુરશી સોફાની ગાદી તથા ફેબ્રકસ બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડનાં નિયમો મુજબનાં રાખવા પડશે.

મંત્રાલય દ્વારા એમ કહેવાયું છે કે કવોલીટી કન્ટ્રોલ ઓર્ડર હેઠળ લાગુ પાડવામાં આવેલો આ નિયમ ઉકત સાર્વજનીક સ્થાનો માટે આયાત કરાતા ફર્નીચર અથવા તેના પાર્ટસ પર પણ લાગુ થશે. જોકે સરકારના આ નિર્ણય સામે ઉદ્યોગનગરમાં વિરોધ વંટોળ ઉઠતા તેના અમલમાં ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની મુદત આપવામાં આવી છે. ગુજરાત સહીત દેશમાં




નોંધાયેલી આગની કેટલીક ઘટનાઓ બાર સાર્વજનીક સ્થળોએ ફાયર સેફટીનાં નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સરકારનાં આ પગલાથી આગની ઘટના તથા તેમાં થતી નુકશાની ઓછી થઈ શકશે.ટેકસટાઈલ્સ મંત્રાલયના કહેવા પ્રમાણે અનેક ઉત્પાદનો માટે બીઆઈએસ સર્ટીફીકેટ સ્વૈચ્છીક છે પરંતુ ફર્નીચર માટે ઉપયોગમાં લેવાતું ફેબ્રીકસ આગ પ્રતિરોધક રાખવાનું અનિવાર્ય છે. નોન-ડોમેસ્ટીક ફર્નીચરમાં ફાયર સેફટીના ઉચ્ચ માપદંડોનું પાલન કરાવવાનો સરકારનો ઉદેશ છે જેથી જીવન અને સંપતિ વધુ સુરક્ષિત બની શકે.

# ઉત્તરાખંડમાં વરસાદ અને ભૂસ્ખલનના લીધે ગુજરાતના ૪૦ શ્રદ્ધાળુઓ અટવાયા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
ઉત્તરાખંડમાં વરસાદ અને ભૂસ્ખલનના લીધે મુસીબત ઊભી થઈ છે. ચમોલીમાં બદ્રીનાથ હાઈવેનો વૈકલ્પિક માર્ગ નંદપ્રયાગ સેકોટ કોઠિયાલસેન માર્ગ ભૂસ્ખલનના લીધે બંધ થઈ ગયો છે. જ્યારે યમુનોત્રી, બદ્રીનાથ હાઈવે પણ બંધ પડ્યો છે. ત્યારે ચારધામની યાત્રાએ નીકળેલા બનાસકાંઠા પાલનપુરના ૪૦ શ્રદ્ધાળુઓ પણ યમુનોત્રી માર્ગ પર ફસાયા છે. આ માર્ગ પર ભૂસ્ખલનના કારણે મોટી શીલાઓ રસ્તા ઉપર પડતાં રસ્તો બંધ થઈ ગયો છે. તો બીજી તરફ થરાલી ચેપડો પાસે થરાલી દેવાલ મોટર માર્ગ પર ભૂસ્ખલનના લીધે ચીડના બે મોટા વૃક્ષો રસ્તા પડી ગયા હોવાથી ૧૨ કલાકથી રસ્તો બંધ છે. જેસીબીની મદદથી તેને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો પરંતુ નિષ્ફળતા મળી છે. જ્યારે કર્ણપ્રયાગ પાસે ચટવાપીપલમાં બદ્રીનાથ હાઈવે બંધ છે. અહીં અનેક શ્રદ્ધાળુઓ ફસાયેલા છે.

યમુનોત્રી હાઈવે પર પથ્થરો ધસી પડતાં ઠેર-ઠેર હાઈવે બંધ છે, જેના લીધે શ્રદ્ધાળુઓની સાથે-સાથે સ્થાનિક લોકો પણ હાઈવે




ખુલવાની રાહ જોઈ રહ્યા છે. યમુનોત્રી હાઈવે રાડી નજીક બંધ થતાં યમુના ઘાટીના જિલ્લા મુખ્યાલય સાથે સંપર્ક તૂટી ગયો છે. ભારે વરસાદના કારણે શનિવારે બદ્રીનાથ નેશનલ હાઈવે પર અનેક જગ્યાએ ભૂસ્ખલન થયું છે, જેથી લામબગડ, નંદપ્રયાગ, સોનાલ અને બૈરાજ કુંજમાં રસ્તા બ્લોક થઈ ગયા છે. ભૂસ્ખલનના લીધે સાકોટ અને નંદપ્રયાગ વચ્ચે વૈકલ્પિક માર્ગ પણ બંધ થયો છે.

# કોઈ દોષીત પોતાના માટે ફાંસીની સજાની માંગણી કરી શકે નહીંઃ સુપ્રિમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
ભારતમાં આજીવન કેદ અથવા જન્મટીપની સજા એટલે દોષીતે કેટલાક વર્ષ જેલમાં રહેવું પડે તે અંગે અનેક વખત પ્રશ્ન ઉભા થાય છે ત્યારે સુપ્રિમ કોર્ટમાં આવેલા એક કેસમાં દોષીતે પત્નીની હત્યામાં તેને મૃત્યુદંડ એટલે કે ફાંસીની સજાની માંગણી કરીને સર્વોચ્ચ અદાલતને ચોંકાવી દીધી હતી. તા.૧૧ના રોજ સર્વોચ્ચ અદાલત સમક્ષ આવેલા કેસમાં સ્વામી શ્રધ્ધાનંદ ઉર્ફે મુરલીમનોહર મીશ્રા નામનો દોષીત છેલ્લા ૩૦ વર્ષથી જેલમાં છે.

૧૯૯૪માં તેને આજીવન કારાવાસની સજા આપવામાં આવી હતી અને તેણે સુપ્રિમ કોર્ટમાં એક અરજી દઈને પોતાની આ સજા ફાંસીની સજામાં ફેરવી દેવા માંગણી કરી હતી. તેણે કહ્યું કે ૩૦ વર્ષથી તે જેલમાં છે તેને



એક પણ પેરોલ આપવામાં આવી નથી અને જેલવાસ દરમ્યાન તેની સામે કોઈ પ્રતિકુળ ફરીયાદ પણ દાખલ થઈ નથી. તેને જેલમાં પાંચ વખત શ્રેષ્ઠ કેદીનો એવોર્ડ મળ્યો છે. છતાં પણે તેણે તેના કારાવાસનો અંત આવતો નથી. તેથી હવે જેલમાં રહેવા કરતાં તેને ફાંસીની સજા આપવામાં આવે તો તે વધુ સારુ રહેશે. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ રામકૃષ્ણ ગવઈની ખંડપીઠે જો કે ફાંસીની સજાની માંગણી તો ફગાવી દીધી અને કહ્યું કે કોઈ આરોપી પોતે દોષીત સાબિત થાય તો મૃત્યુદંડ માંગવાનો તેને અધિકાર નથી કોઈ વ્યક્તિ પોતાનું જીવન લઈ શકે નહીં કારણે કે તે પણ એક અપરાધ છે.જો કે આરોપી વત્તી તેના ધારાશાસ્ત્રીએ દલીલ કરી કે રાજીવ ગાંધીના હત્યારાને પણ પેરોલ મળી છે અને તેને પુરતી સજા ભોગવ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા છે પરંતુ મને જેલમાં જ રાખવામાં આવી રહ્યો છે. સુપ્રિમ કોર્ટે તુર્ત જ તે મુદ્દે તેની અરજીને જેલમુક્તિ માટે માંગણીમાં ફેરવી દીધી હતી.હવે આગામી સમયમાં આ દોષીત જેલમુક્ત થઈ શકશે. સ્વામી શ્રધ્ધાનંદ તરીકે ઓળખાતા આ વ્યકિતએ ૧૯૯૪ તેની પત્નીની હત્યા કરી હતી અને તેને હાઈકોર્ટ સુધી આજીવન કારાવાસની માન્યતા રખાઈ હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું કે તેની અરજીને ફોજદારી ધારાની કલમ ૪૩૨ હેઠળ મુક્તિની અરજી તરીકે દાખલ કરાશે.

# કાલે વિરાટ ઉલ્કા પૃથ્વીની નજીકથી પસાર થશેઃ વૈજ્ઞાનિકોના શ્વાસ અધ્ધર થયા

## ઉલ્કાને '૨૦૨૪ ઓન' નામ અપાયુઃ દિશા બદલે તો પૃથ્વીને મોટુ જોખમઃ નાસા સહિત વિશ્વભરની સ્પેસ એજન્સીઓની વોચ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**
અવકાશમાંથી આવતાં એક અનિચ્છનીય મહેમાન પૃથ્વીને સંકટમાં મૂકી છે. આ સામાન્ય કરતાં ઘણાં મોટા કદની ઉલ્કા છે, જે પૃથ્વી તરફ ઝડપથી આગળ વધી રહ્યી છે. તેની સાઈઝ ૬૦ માળની ઈમારત જેટલી મોટી છે. ૧૫ સપ્ટેમ્બરે તે પૃથ્વીની ખૂબ નજીકથી પસાર થશે. જો તેની દિશામાં થોડો પણ ફેરફાર થાય તો પૃથ્વી જોખમમાં આવી શકે છે.

નાસાની ચેતવણી બાદ દુનિયાભરની સ્પેસ એજન્સીઓ તેનાં પર નજર રાખવામાં વ્યસ્ત છે. આ ઉલ્કાને ન ૨૦૨૪ - ઓન ૫ નામ આપવામાં આવ્યું છે. નાસાના ૫નિયર અર્થ ઓબ્જેકટ ઓબ્ઝર્વેશન પ્રોગ્રામથ દ્વારા આપવામાં આવેલી ચેતવણી બાદ વિશ્વભરનાં અંતરિક્ષ સંશોધન એજન્સીઓ સતર્ક બની છે. બીએચયૂના ખગોળશાસ્ત્રીઓ પણ પૃથ્વીની વર્તમાન સ્થિતિ અને આ અવકાશી પદાર્થના આકાર, પ્રકાર અને ગતિનો અભ્યાસ કરી રહ્યાં છે.

બનારસના યુવા ખગોળશાસ્ત્રી વેદાંત પાંડેએ જણાવ્યું કે આ ઉલ્કા પૃથ્વીથી લગભગ ૬.૨લાખ માઈલના અંતરેથી પસાર થશે, જે પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનાં અંતર કરતાં બમણું છે. પરંતુ રૂટમાં થોડો ફેરફાર પણ અત્યંત જોખમી બની શકે છે. બીએચયૂના ખગોળશાસ્ત્રી ડો. કુંવર અલકેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું કે અત્યાર સુધીના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ ઉલ્કાની ગતિ ૨૫ હજાર માઈલ પ્રતિ કલાક છે. ઉલ્કા રસ્તો બદલશે તો નાસા ચેતવણી આપશે :

છેલ્લાં કેટલાક અઠવાડિયાથી અમેરિકન સ્પેસ એજન્સી નાસા દરેક સેકન્ડે ન૨૦૨૪ ઓનથ પર નજર



રાખી રહી છે. આ ઉલ્કાની ગતિ, કદ અને માર્ગ પર નજર રાખવામાં આવી રહી છે. નાસા ચેતવણી આપશે કે જો તેનાં માર્ગ અથવા દિશામાં સહેજ પણ ફેરફાર થશે અને તેનાં માર્ગને બદલવાના પ્રયાસો પણ કરવામાં આવશે. હજી સુધી આ અવકાશી પદાર્થ હજી તેનાં માર્ગ પર છે. જો આ પદાર્થ પૃથ્વીની ખૂબ નજીક આવે તો શું નુકસાન થશે તેનું પણ વૈજ્ઞાનિકો મૂલ્યાંકન કરી રહ્યાં છે.

# મણીનગરમાં પોલીસ અને ગણેશ પંડાલના આયોજકો દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

## ૨૦૦ બોટલ લોહી એકત્રીત થયુ: આ બ્લડનો ઉપયોગ રેડ ક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમીયાના દર્દીઓ માટે કરવામાં આવશે





તાજેતરમાં દેશભરમા આસ્થાના પ્રતિક રૂપે ગણેશજીનો તહેવાર ઉજવવામા આવે છે. અમદાવાદ શહેરમાં પણ આસ્થાના પ્રતીક સમાન ગણપતિ મહોત્સવ ચાલુ હોઈ, આ ગણપતિ મહોત્સવ તથા ઈદે મિલાદ નો તહેવાર પણ આવતો હોય, અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક તથા ઈન્ચાર્જ સેક્ટર ૦૨ શ્રી નીરજ બડગુજર દ્વારા હિન્દુ મુસ્લિમ લોકોમાં ધાર્મિક સોહાર્દ સદભાવના વધે, લોકો એકબીજાની નજીક આવે, ભાઈચારાની ભાવના વધે તેમજ પોલીસ પ્રજાની મિત્ર છે, તે ભાવના સાકાર થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે, તેવા કાર્યક્રમ કરવા તમામ પોલીસ અધિકારીઓને સૂચના કરવામાં આવેલ છે....

અમદાવાદ શહેરના ઝોન ૦૬ નાં નાયબ પોલીસ કમિશનર રવિ મોહન સૈની તથા એસીપી જે ડિવિઝન પ્રદીપસિંહ જાડેજા, એસીપી કે ડિવિઝન યુવરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઝોન ૦૬ તરફથી રેડ ક્રોસ સોસાયટી, ગણેશ પંડાળના આયોજકોના સહયોગથી અમદાવાદ શહેર પોલીસ દ્વારા તા. ૧૩.૦૯.૨૦૨૪ મણિનગરમા રમુજી સ્મ્રુતિ હોલ, વલ્લભ વાડી મંદિર પાછળ, જવાહર ચોક પાસે, એક મેગા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું....

અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત આ મેગા બ્લડ ડોનેશન કેમ્પ માં સામાજિક સૌહાર્દ જળવાય અને જુદા-જુદા ધર્મો વચ્ચે ભાઈચારો કેળવાય એ હેતુથી તમામ ધર્મના લોકોને જરૂરીયાત મંદ દર્દીઓ માટે બહોળી સંખ્યામાં રક્તદાન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિર, રામબાગ, કાંકરિયાના સ્વામિ બ્રહ્મચારી વાસુદેવાનંદજી, બેહુલા એલાયન્સ ચર્ચ, મણિનગરના સિનિયર પાસ્ટર રેવ સ્ટેન્લી હેનરી ક્રિશ્ચયન, મણિનગર ગુરુદ્વારાના સરદાર હરપ્રિતસિંહ, શાહ આલમ દરગાહ, ઈસનપુરના મૌલાના શેખ મહંમદ મુસ્તાક સુલેમાનભાઈ, સહિતના તમામ ધર્મના ધર્મગુરુઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, ધારાસભ્ય અમુલભાઈ ભટ્ટ, સ્પેશિયલ પોલીસ કમિશનર શ્રી અજય ચૌધરી, જોઈન્ટ સીપી ક્રાઈમ શ્રી શરદ સિંગલ, જોઈન્ટ સીપી, ટ્રાફિક શ્રી એન.એન.ચૌધરી, ઝોન ૦૬ નાં નાયબ પોલીસ કમિશનર શ્રી રવિ મોહન સૈની તથા તમામ ઝોન શાખાના નાયબ પોલીસ કમિશનર શ્રીઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા શહેજાદ ખાન પઠાણ, અમદાવાદ રેડ ક્રોસ સોસાયટીના વાઈસ ચેર પર્સન ડો. કલ્યાણીબેન ત્રિવેદી, તથા એસીપી જે ડિવિઝન પ્રદીપસિંહ જાડેજા, એસીપી કે ડિવિઝન યુવરાજસિંહ ગોહિલ તમામ પોલીસ ઈન્સ્પેકટર, સહિતના પોલીસ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ મેગા બ્લડ કેમ્પ દરમિયાન ઝોન ૦૬ વિસ્તારના સાતેય પોલીસ સ્ટેશન વિસ્તારના ગણપતિ પંડાલ, ઈદે મિલાદ જુલુસ ના આયોજકો દ્વારા હિન્દુ મુસ્લિમ લોકો દ્વારા સ્વેચ્છાએ ઉત્સાહથી રક્તદાન કરતા, કુલ બોટલ આશરે ૨૦૦ બોટલ લોહી એકત્રિત કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર શ્રી જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, ધારાસભ્ય અમુલભાઈ ભટ્ટ, અમદાવાદ રેડ ક્રોસ સોસાયટીના વાઈસ ચેર પર્સન ડો. કલ્યાણીબેન ત્રિવેદી, સહિતના વક્તાઓ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરી, લોકોના રક્તદાન કરવાનાં ઉત્સાહની અને કોમી એકતાની ભાવનાની સરાહના કરવામાં આવી હતી. આ બ્લડનો ઉપયોગ રેડ ક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમીયા ના દર્દીઓ માટે વાપરવામાં આવતું હોય, લોકોની સેવાની સરાહના પણ કરવામાં આવી હતી. લોકોએ પણ મનમૂકીને રક્તદાન કરેલ હતું. પોલીસ કમિશનર શ્રી જ્ઞાનેન્દ્ર સિંહ મલિક દ્વારા તમામ ધર્મના ધર્મગુરુઓનું શાલ ઓઢાડીને સન્માન કર્યુ હતુ તેમજ ૧૦ જેટલા બ્લડ ડોનરને સર્ટિફિકેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કારણ કે લોહી નો રંગ અને એકતાનો રંગ એક છે.

# અંબિકા ટાઉનશીપમા આવેલ કસ્તુરી એવી એરાના રહેવાસીઓએ દુંદાળા દેવને ભાવભીની વિદાય આપી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત સમગ્ર દેશમાં ગણેશ મહોત્સવની ધૂમ મચી છે રાજકોટ શહેરમાં જ નાના–મોટા ૫૦૦૦ થી વધુ ગણેશજીની મૂર્તિ નું સ્થાપન કરાયું છે અંબિકા ટાઉનશીપ ખાતે આવેલ કસ્તુરી એવી એરા રેસીડેન્સીમાં પણ ગણપતિ મહોત્સવ નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું રહેવાસીઓ દ્વારા ગણપતિ મહોત્સવ દરમિયાન દુંદાળા દેવને આરતી સાથે દરરોજ ભોગ ધરાવ્યો હતો અવનવા કાર્યક્રમો પણ યોજાયા હતા આજે અહીંના રહેવાસીઓ દ્વારા દાદા ને ભાવભીની વિદાય આપવામાં આવી હતી સોસાયટીના જ કમ્પાઉન્ડમાં ખાડો ખોદીને દાદાની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વિસર્જન કરાયું હતું

# રાજકોટ-બાડમેર વચ્ચે દોડાવવામાં આવશે સ્પેશિયલ ટ્રેન, ટિકિટોનું બુકિંગ આવતીકાલથી શરૂ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે સમયાંતરે વધારાની ટ્રેનો દોડાવવામાં આવતી હોય છે. જેમાં પશ્ચિમ રેલવે રાજકોટ-બાડમેર વચ્ચે દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવામાં આવનાર છે. બાડમેર સ્ટેશન રાજસ્થાનમાં આવેલું છે. આ સ્પેશિયલ ટ્રેનનાં શરૂ થવાથી ગુજરાત અને રાજસ્થાનનાં વેપારીઓ અને લોકોની સગવડમાં વધારો થશે. ટ્રેન નંબર ૦૪૮૨૦ રાજકોટ-બાડમેર દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ૦૪.૧૦.૨૦૨૪ થી ૧૮.૧૧.૨૦૨૪ સુધી રાજકોટથી દર શુક્રવાર અને સોમવારે ૧ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે બપોર પછી ૩ વાગ્યે બાડમેર પહોંચશે. જ્યારે ટ્રેન નંબર ૦૪૮૧૯ બાડમેર-રાજકોટ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ૦૩.૧૦.૨૦૨૪ થી ૧૭.૧૧.૨૦૨૪ સુધી બાડમેરથી દર ગુરુવાર અને રવિવારે સવારે ૦૯.૪૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે રાત્રે ૧૦ વાગ્યે વાગ્યે રાજકોટ પહોંચશે.

PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર બુકિંગ કરી શકાશે આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરણ, જાલોર, મોકલસર, સમદડી, બાલોત્રા અને બાયતુ સ્ટેશને ઊભી રહેશે. ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સેકન્ડ સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૪૮૨૦નું બુકિંગ આવતીકાલ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

# રાજકોટના ભીસ્તીવાડ ગેંગના એક આરોપીને ગુજસીટોકના ગુનામાં જામીન મુકત કરતી હાઈકોર્ટ

## સંગઠિત ગુનાખોરી આચરવા સબબ ભીસ્તીવાડ ગેંગના ૧૧ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ પંથકમાં વિવિધ પ્રકારની સંગઠિત ગુનાખોરી આચરવા સબબ ભીસ્તીવાડ ગેંગના ૧૧ સાગરીતો સામે નોંધાયેલા ગુજસીટોક હેઠળના ગુનામાં હાઈકોર્ટ દ્વારા એક આરોપીની જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ અંગેની હકીકત મુજબ, તા. ૦૩/ ૧૨/ ૨૦૨૦ના પ્રદ્યુમનનગર પોલીસે ભીસ્તીવાડ વિસ્તારના કુલ ૧૧ ઈસમો વિરૂધ્ધ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (ગુ.ઈ.ઝ.ઘ.ઈ.) એકટ- ૨૦૧૫ની આરોપીઓની ફરીયાદ નોંધી ધરપકડ કરવામાં આવી હતી. ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ કોર્ટની સુચનાથી તમામ આરોપીઓને ગુજરાત રાજયની અલગ અલગ જેલહવાલે કરવામા આવેલ હતા. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ્ધ કોર્ટમાં તપાસ કરનાર અધિકારી ધ્વારા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતું. જેમાં કુલ- ૧૦૮ સાહેદોનું લીસ્ટ દર્શાવવામાં આવેલ છે અને હાલના આરોપી વિરૂધ્ધ ૨૦૧૧થી લઈને સને- ૨૦૨૦ સુધીમાં કુલ ૯- ગુના દર્શાવવામાં આવેલ હતા. દરમિયાન આરોપીઓ પૈકીના સરતાજ ઉર્ફે રાજન હમીદભાઈ ખીયાણી દ્વારા તેમના એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન પર મુકત થવા માટે જામીન અરજી કરી હતી. જેમાં આરોપીના એડવોકેટ ધ્વારા દલીલ કરવામાં આવી હતી કે, જે ૯ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે તે તમામ ગુનાઓમાં આરોપી જામીન મુક્ત છે તથા આરોપીને ટેમ્પરરી જામીન પર મુક્ત કરવામાં આવેલ હતા. તેમાં આરોપી ૩૬૫- દિવસ નાસતા-ભાગતા હતા, પરંતુ તે સમય દરમ્યાન કોઈપણ ગુન્હો હાલના આરોપી દ્વારા આચરવામાં આવેલ ન હતો. જેથી વડી અદાલતોના ચુકાદાઓને ધ્યાનમાં લઈને હાઈકોર્ટ દ્વારા આરોપી સરતાજ ઉર્ફે રાજન હમીદભાઈ ખીયાણીને રૂા. ૧૫ હજારના રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો. આ કામમાં આરોપી વતી ગુજરાત હાઈકોર્ટમાં રાજકોટના યુવા એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી, વૈભવ બી. કુંડલીયા, હિરેન નિયાલચંદાણી, શિવરાજસિંહ જાડેજા રોકાયા હતા.

# ખોડીયાર નગરમાં ભંગારના ડેલા માંથી ૬૦ બોટલ વિદેશી દારૂ સાથે સ્કેપના ધંધાથીની ધરપકડ

## વીરપુરના પીઠડીયા રોડ પર નંબર વગરની ઈકો કાર તેમજ ૨૬૦ બોટલ દારૂ સાથે એકની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



શહેરના ખોડીયાર નગર માં આવેલ ૧૫ ના ડેલામાં પીસીબીની ટીમ દરોળો પાડી વિદેશી દારૂની ૬૦ બોટલ સાથે સ્કેપ ના ધંધાથીની ધરપકડ કરી છે.

પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા ની સૂચનાથી પીએસઆઈ એમ જે હુંણ એએસઆઈ સંતોષભાઈ હેડ કોન્સ્ટેબલ કીરદસિંહ તથા વાલાભાઈ જાડા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિયમ માં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ખોડીયાર નગર શેરી નંબર એકમાં આવેલ તાજ સ્ક્રેપ નામના ૧૫ ના ડેલામાં દોરડો પાડતા વિદેશી દારૂની ૬૦ બોટલ કિંમત રૂપિયા એક લાખ ૦૦,૦૦૦ ના મુદ્દા માલ સાથે વેપારી મુસ્તફા ઈકબાલ લીંબડીયા નમના શખ્સની ધરપકડ કરી દારૂનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે અન્ય બનાવમાં રાજકોટ ગ્રામ્ય એલસીબી ટીમના પી.આઈ.વી વી ઓડેદરા ની સૂચનાથી અનિલભાઈ સહિતનો સ્ટાફ જેતપુર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે પીઠડીયા ગામના રોડ પર નંબર વગરની ઈકો કાર શંકાસ્પદ રીતે પસાર થતાં પોલીસે તેને અટકાવી તલાસી લેતા વિદેશી દારૂની ૨૬૦ બોટલ કિંમત રૂપિયા ૯૬૦૦૦ મુદ્દામાલ મળી આવતા કારના ચાલક ગોંડલના પાટીદાર ગામનો અજય જયંતિ મકવાણા નમના સક્ષમિ ધરપકડ કરી ઈકો કાર સહિત ₹ ૪.૧૧, લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે

# કાલાવડ રોડ પર વિરડા વાજડી પાસે છકડો રીક્ષાની ઠોકરે બાઈક સવાર વેપારીનું મોત

- દરરોજ ઈકો લઈને ડિલીવરી દેવા નિકળતો યુવાન બાઈક લઈ નીકળતા કાળ ભેટ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે કાલાવડ રોડ પર વિરડા વાજડી નજીક છકડો રીક્ષાની ઠોકરે ચડી જતાં બાઈક ચાલક રેલનગરના વેપારીનું ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું. મૃતક વેપારીએ હાર્ડવેરનો હોલસેલનો વેપાર કરતાં હોય દરરોજ ઈકો લઈ ડિલેવરી કરવા માટે જતાં હતાં પરંતુ જાણે કાળ બોલાવતો હોય તેમ આજે ઈકોની બદલે બાઈક લઈ ડિલેવરી કરવા ગયા અને અકસ્માતમાં મોતને ભેટી જતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી છકડો ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, રેલનગર વિસ્તારમાં આવેલા શિવમ પાર્ક શેરી નં.૫માં રહેતા અને હાર્ડવેરનો હોલસેલનો વેપાર કરતાં મનોજકુમાર સુંદરદાસ ટેકવાણી (ઉ.૫૪) નામના પ્રૌઢ આજે સવારે પોતાનું બાઈક લઈ કાલાવડના નિકાવા ગામે હાર્ડવેરની વસ્તુની ડિલેવરી કરવા માટે જઈ રહ્યાં હતાં. દરમિયાન કાલાવડ રોડ પર વિરડા વાજડી પાસે પહોંચતાં છકડો રીક્ષાના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં મનોજકુમાર બાઈક ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતાં તાલુકા પોલીસના સ્ટાફે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક વેપારી હાર્ડવેરનો હોલસેલનો વેપાર કરતાં હોય જેથી દરરોજ અલગ અલગ ગામે ઈકો કાર લઈ વસ્તુઓની ડિલેવરી આપવા જતાં હતાં પરંતુ આજે વેપારીને કાળ બોલાવતો હોય તેવો ઈકો કાર લેવાના બદલે બાઈક નિકાવા ગામે ડિલેવરી કરવા નીકળ્યા અને રસ્તામાં જ અકસ્માત સર્જાતા તેમનું મોત નિપજ્યું હતું. મૃતક વેપારીને બે ભાઈ એક બહેનમાં વચેટ અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ જાણવા મળ્યું છે. આ બનાવથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતાં પરિવારજનોમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો હતો. આ અંગે તાલુકા પોલીસે અકસ્માત સર્જનાર છકડો રીક્ષાના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# પ્રોગ્રેસિવ મોટર પ્રાઈવેટ લિમિટેડ કારખાનામાંથી સ્પેરપાર્ટ ની ચોરી કરનાર બાળ આરોપી ઝડપાયો



શહેરના માલવયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રોગ્રેસિવ મોટર પ્રાઈવેટ લિમિટેડ નામના કારખાનામાં અને મહુડી મેન રોડ પર વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલા બિલ્ડિંગમાં થયેલી બે ચોરીનો પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલ નાખી બે શખ્સોની તળપકડ કરી છે. આ આ અંગેની માહિતી મુજબ ગોંડલ રોડ પર આવેલા પ્રોબ્લે શિવ મોટર પ્રાઈવેટ લિમિટેડ નો પાછળનો દરવાજો તોડી તો રૂમમાંથી સ્પેરપાર્ટની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયાની ફરિયાદના પગલે માલવયા નગર પોલીસ મથકના પીઆઇ જે.આર દેસાઈની સૂચનાથી પી.એસ.આઇ એસ એ સિંધી હેડ કોન્સ્ટેબલ અજયભાઈ તથા ભાવેશભાઈ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી ચોરી કરનાર બે બાળ આરોપીઓને દબોચી લઈ રૂપિયા ૧.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો જ્યારે અન્ય એક બનાવમાં મહુડી મેન રોડ પર આવેલ વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાસે ધટવીન ટાવર નામની બિલ્ડીંગ માંથી ₹૬૫,૦૦૦ ના મુદ્દા માલની ચોરી થઈ હોય જેના પગલે કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર કોન્સ્ટેબલ મયુરદાન અને જયદીપસિંહ સહિત ગોંડલ રોડ પર કલ્પવન ની બાજુમાં આવેલ પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતો હાર્દિક દિનેશ સવસાણી નામના વાયરમેનને દબોચી લઈ રૂપિયા ૬૫૦૦૦ ની કિંમત ના ફોરમેટર કંપનીના ડોરબેલ નો મુદ્દા માલ કબજે કરી ગણતરીની કલાકોમાં વિસ્તારમાં થયેલી બે ચોરીના પોલીસે ભેદ કરી નાખ્યા હતા

# મોરબીના ત્રાજપર ખારીમાં ઘર પાસે પાર્ક કરેલ બાઈક ચોરીની ફરિયાદ નોંધાઈ

મોરબીમાં વધુ એક બાઈક ચોરીની ફરિયાદ અત્રેના બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જેમાં આજથી ૧૦ મહિના પહેલા ત્રાજપર ખારી વિસ્તારમાં ઘર પાસે રાત્રીના સમયે પાર્ક કરેલ બાઈકની કોઈ અજાણ્યા વાહન ચોર દ્વારા ચોરી કરી લઈ ગયા હોય ત્યારે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ ગઈકાલના રોજ રૂબરૂ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મોરબીના ત્રાજપર ખારી વિસ્તારમાં રહેતા વેલજીભાઈ બીજલભાઈ હણ ઉવ.૪૬ એ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી કે ગત તા. ૨૭ નવે.૨૦૨૩ના રોજ રાત્રીના સમયે ઘર પાસે પાર્ક કરેલ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૦૩-ઈએમ-૯૨૭૩ બાઈકની કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયા હતા. ત્યારે ઘરની આજુબાજુ તથા શહેરમાં અલગ અલગ જગ્યાએ બાઈક અંગે શોધખોળ કરી હતી પરંતુ બાઈક નહીં મળી આવતા પ્રથમ ઈ-એફઆઈઆર બાદ રૂબરૂ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ચોમાસાની વિદાય પહેલા જ રાજયનાં ૧૧૯-ડેમો છલોછલ

## ત્રણ માસ પહેલા ૮૬-ડેમો તળીયા ઝાટક હતાઃ નર્મદા ડેમ ૯૦ ટકા ભરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ગુજરાતમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થયાને ત્રણ મહિનાનો સમય વીતી ચૂક્યો છે. રાજ્યમાં ત્રણ મહિના દરમિયાન ધોધમાર વરસાદે ડેમમાં પાણીની સ્થિતિ પણ બદલી નાખી છે. રાજ્યના ૨૦૭ ડેમમાંથી ત્રણ મહિના પહેલા ૮૬ ડેમ તળિયાઝાટક હતા તેની સામે આજે ૧૧૯ ડેમ તો ઓવરફ્લો થઈ ચૂક્યો છે.ચોમાસા પહેલા ૮૬ ડેમ તળિયાઝાટક હતા રાજ્યમાં ૧૧ જૂનથી ચોમાસાનો વિધિવત પ્રારંભ થયો હતો. તે પહેલા રાજ્યમાં આવેલા ૨૦૭માંથી ૮૬ ડેમ ખાલીખમ્મ હતા. વણાકબોરી, ધોળીધજા અને મચ્છુ-૩ ડેમ એવા હતા કે જેમાં ૮૦ ટકાથી વધુ પાણીનો જથ્થો હતો. જ્યારે ૧૧૮ ડેમમાં ૧૦ ટકાથઈ લઈ ૯૦ ટકા સુધીનો પાણીનો જથ્થો હતો.સરદાર સરોવરમાં બે વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર જેને લોકો નર્મદા ડેમથી પણ ઓળખે છે તેમાં બે વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો આવી ચૂક્યો છે. સરદાર સરોવરમાં ૯૦ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. રાજ્યમાં ચોમાસુ બાકી હોય અને ઉપરવાસમાંથી પણ પાણીની આવક થવાની શક્યતા હોય રાજ્યનો જીવાદોરી સમાન આ ડેમ પણ નજીકના દિવસોમાં ઓવરફ્લો થવાની પૂરી શક્યતા છે. નર્મદા ડેમમાં રાજ્યના ૧૭૩ શહેર અને ૯૪૯૦ ગામના અંદાજે ૨.૯૦ કરોડ લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. તો રાજ્યના ૧૮.૪૫ લાખ હેકટરમાં સિંચાઈ માટે પણ પાણી પૂરું પાડવામાં આવે છે. ગુજરાતમાં સરદાર સરોવર પછી બીજા ક્રમે આવતા ઉકાઈ ડેમમાં પણ પાણીનો નોંધપાત્ર સંગ્રહ થઈ ચૂક્યો છે. ઉકાઈ ડેમમાં ૮૬.૩૧ ટકાનો જળસંગ્રહ છે. રૂલ લેવલ જાળવવા માટે હાલ પાણી છોડવામાં આવી રહ્યું છે.


ડેમમાં આગામી બે વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ઉત્તર ગુજરાત પર હજી પણ ચિંતાના વાદળો ઘેરાયેલા રાજ્યમાં ૧૧ સપ્ટેમ્બર સુધીમાં ઉત્તર ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૧૦૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. પરંતુ, ઉત્તર ગુજરાત ઝોનમાં આવતા અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના ડેમમાં હજી સરેરાશ ૬૧.૬૫ ટકા પાણીનો જ સંગ્રહ થયો છે. મધ્ય ગુજરાતના ૫ જિલ્લાઓના ડેમોમાં સૌથી વધુ ૯૪.૧૩ ટકા, કચ્છ ઝોનના ડેમોમાં ૮૬.૩૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનના ૧૧ જિલ્લાઓના ડેમોમાં ૮૬.૨૪ ટકા અને દક્ષિણ ગુજરાતના ૬ જિલ્લાઓના ડેમોમાં ૮૪.૩૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At : R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં વકિલ હારૂન પલેજાની હત્યાના ગુનાના આરોપી રજાક સોપારીનો જામીન પર છુટકારો

## વકીલની હત્યા કર્યાની ફરિયાદ નોધાવ્યા બાદ પોલીસે આરોપીઓના મકાન તોડી પાડ્યા હતા





**મુખ્ય સમાચાર,જામનગર**

ફરીયાદી નુરમહમદ ઓસમાણભાઈ પલેજા ધ્વારા બસીર જુસબ સાઈચા,ઈમરાન નુરમામદ સાઈચા, રમઝાન સલીમ સાઈચા, સીકંદર નુરમામદ સાઈચા, રીઝવાન અસગર સાઈચા, જાબીર મહેમુદ સાઈચા, દીલાવર હુશેન કકલ, સુલેમાન હુશેન કકલ, ગુલામ જુસબ સાઈચા, એઝાજ ઉમર સાઈચા, અસગર જુસબ સાઈચા, મહેબુબ જુસબ સાઈચા, રજાક ઉર્ફે સોપારી,ઉંમર ઓસમાણ ચમડીયા, શબ્બીર ઓસમાણ ચમડીયા વિરૂધ્ધ એવી ફરીયાદ લખાવેલી હતી કે તા.૧૩/૩/૨૪ ના રોજ ૬-૦૦ વાગ્યાની આસપાસ કબ્રસ્તાન પાસે બેઠા હતા ત્યારે ત્યાંથી બે માણસો મોટરસાઈકલ લઈને નીકળેલ અને કહેલ કે વાછાણી મીલ પાસે વકીલ હારૂનભાઈ પલેજાને મારે છે જેથી તેઓ ત્યાં ગયેલ અને જોયેલ તો ઉપરોકત આરોપીઓ પૈકી અમુક આરોપીઓ તેના કાકા હારૂનભાઈ પલેજાને છરીઓ, ધોકા, પાઈપ, લોખંડના ગોળા વડે આડેધડ માર મારતા હતા અને હારૂનભાઈ લોહીલુહાણ પડેલ હતા અને તેઓ વચ્ચે છોડાવવા પડતા તેને ધકકો મારતા તે રોડ પર પડી ગયેલ અને આ લોકો હથીયારો લઈ ત્યાંથી ભાગી ગયેલ અને ત્યારબાદ તેના પિતા તથા તેના કાકા અને અન્ય લોકો આવી ગયેલ અને તેના કાકાને ઘણીબધી ઈજાઓ થયેલ હોય જેથી બેભાન અવસ્થામાં હતા જેથી તેને રીકસામાં ગુરૂધ્વારા ચોકડી પાસે આવેલ દવાખાને અને ત્યાંથી જી.જી.હોસ્પીટલ ખાતે લઈ ગયેલ અને જયાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કરેલ હતા.

આ બનાવનું કારણ વર્ષ-૨૦૨૩ માં પંચવટી ગૌશાળા પાસે રહેતા નુરજહાબેનએ રજાક નુરમહમદ સાઈચા, અખ્તર અનવર ચમડીયા તથા અફરોઝ તયબ ચમડીયાના ત્રાસથી આત્મહત્યા કરેલ હોય જે કેસમાં જામીન અરજી દરમ્યાન તેઓના કાકા ફરીયાદપક્ષે વકીલ તરીકે રોકાયેલ હોય અને જેની સુનાવણી દરમ્યાન કોર્ટની બહાર લોબીમાં નીકળતા હતા ત્યારે ઉમર ઓસમાણ ચમડીયા, શબ્બીર ચમડીયા અને રજાક સોપારીએ તેઓનો રસ્તો રોકી કેસ પાછો ખેંચી લેવા ધમકીઓ આપેલ હોય જેથી આ બધાએ એકસંપ કરી કાવતરું રચી મારા કાકા હારૂનભાઈ પલેજાને આડેધડ માર મારી મોત નીપજાવેલ હોય તે અંગેની ફરીયાદ આપેલ હતી. જે અંગેની ઉપરોકત આરોપીઓ વિરૂધ્ધ જામનગર સીટી બી-ડીવીઝન પોલીસે ફરીયાદ નોંધેલ હતી.જે ફરીયાદના અનુસંધાને જામનગર સીટી બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ધ્વારા ઉપરોક્ત આરોપીઓ પૈકી કુલ-૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ અને ત્યારબાદ આ કામમાં જામનગર સીટી બી-ડીવીઝન પોલીસ સ્ટેશન કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય કાવતરાખોર તરીકે રજાક ઉર્ફે સોપારીને બતાવવામાં આવેલ હતા અને ચાર્જશીટ રજુ થયા બાદ ઉપરોકત આરોપીઓ પૈકી રજાક ઉર્ફે સોપારી દાઉદભાઈ ચાવડાએ જામનગર સેશન્સ અદાલતમાં જામીન અરજી કરેલ હતી. જે જામીન અરજી સેશન્સ અદાલત ધ્વારા રદ કરવામાં આવેલ ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરવામાં આવેલી હતી.

જે અરજીના અનુસંધાને અદાલતમાં એવી રજુઆત કરેલ હતી કે આ ગુન્હામાં ગુજરનારને હાલના અરજદારે કોઈ ઈજા પહોંચાડેલ નથી તેમજ પોલીસ ધ્વારા જે કાવતરા અંગેના પંચનામાઓ ઉભા કરેલ છે તે બનાવટી ઉભા કરેલ છે તેમજ કોઈ કોલ ડીટેઈલમાં રજાક ઉર્ફે સોપારીની હાજરી જણાય આવતી નથી અને તેમજ સમગ્ર ચાર્જશીટ જોતા રજાક ઉર્ફે સોપારીએ મરણ જનાર હારૂનભાઈ પલેજાને આવો કાંઈ બનાવ બનવાનો છે તેવી જાણ કરેલાનું જણાય આવે છે જે પોલીસના ચાર્જથી તદ્દન વિરૂધ્ધની હકીકતો જોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવતું હોય તેમજ તેઓ બનાવ સ્થળે હાજર હોય તેવું પણ જણાય આવતું નથી અને ફરીયાદી ધ્વારા ખોટી ફરીયાદ આપી તેઓને સંડોવી દીધેલ છે તેવું જણાય આવે છે. તેઓને મરણજનારને મારવાનો કોઈ મોટીવ રહેલ નથી કે મરણ જનાર સાથે તેઓને કોઈ દુશ્મનાવટ રહેલ નથી કે મરણ જનારને કોઈ ઈજાઓ પહોંચાડેલ હોય તેવું પણ ચાર્જશીટના પેપર્સ જોતા જણાય આવતું નથી. તેમજ આ કામમાં ચાર્જશીટ પણ રજુ થઈ ગયેલ છે અને કેસ ચાલવા ઉપર આવી ગયેલ છે ઉપરોકત સંજોગોમાં કાયદાકીય પરિસ્થિતી, બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રજાક ઉર્ફે સોપારી દાઉદભાઈ ચાવડાને શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ છે.

આ કામમાં આરોપી વતી ગુજરાત હાઈકોર્ટમાં વિરાટભાઈ પોપટ તથા રાજકોટના ખ્યાતનામ એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, જયવિર બારૈયા, મીલન જોષી, સાગરસિંહ પરમાર તથા જયપાલસિંહ સોલંકી એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# રાજકોટના ટી.આર.પી. અગ્નિકાંડમાં મહાનગર પાલિકા દ્વારા રજુ કરાયેલુ એફીડેવીટ હાઈકોર્ટે ફગાવ્યું

## કમિશનર સામે શા માટે પગલાં ન ભરવા તેનો જવાબ રજૂ કરવાનું કહેતા ૧૮૧૧ પાનાનું એફિડેવિટ રજૂ કરાયું : હાઈકોર્ટ લાલઘુમ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં સંડોવાયેલા ૧૫ આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી છે. તે સમયે તાજેતરમાં સરકાર દ્વારા આ કાંડમાં કમિશનરોને નિર્દોષ સાબિત જાહેર કરી દીધા હતાં. ત્યારે હાઈકોર્ટે પણ સરકારનો ઉધડો લીધો હતો. ત્યાર બાદ હાઈકોર્ટે ખુદ કમિશનરોને એવુ જણાવ્યું હતું કે, તમારી સામે શા માટે પગલા ન ભરવા તેનો જવાબ આપશો. જેથી ખુદ કમિશનરે પોતે નિર્દોષ હોય તેવું ૧૮૧૧ પાનાનું એફીડેવીટ હાઈકોર્ટમાં રજૂ કરતા હાઈકોર્ટે આકરુ વલણ દાખવ્યું હતું. જેથી સરકાર તરફથી એડવોકેટ જનરલ દ્વારા આ સોગંદનામું પાછુ ખેંચવાનું જાહેર કરાયું હતું. આમ જોઈએ તો હાઈકોર્ટે આ સોગંદનામાને ફગાવી દીધું હતું.

ગુજરાત હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલની બેચમાં અગ્નિકાંડ મુદ્દે થયેલ સુઓમોટો રીટ પીટીશનની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં સરકાર તરફે અગાઉ ૨૩ ઓગસ્ટે થયેલ ઓર્ડર મુજબ કમિશ્નરનો જવાબ રજુ કરાયો હતો. હાઈકોર્ટે અગાઉની સુનાવણીમાં કમિશનરને સોગદનામું કરી તેના પક્ષે ફરજમાં બેદરકારી અને હાઈકોર્ટમાં એફીડેવીટ કર્યુ હોવા છતા ચુકાદાનું પાલન ન કરવા બાબતે શા માટે પગલાં ન ભરવા તેનો જવાબ માંગ્યો હતો. જેના અનુસંધાને ૧૨ સપ્ટેમ્બરના રોજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી એડવોકેટ જી.એચ.વીર્ક દ્વારા રજીસ્ટ્રીમાં એફીડેવીટ દાખલ કરાયું હતું. ફરિયાદી પક્ષે એડવોકેટ અમીત પંચાલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, ૧૮૧૧ પેઈઝના એફીડેવીટમાં ૧૭૦૦ પેઈઝ તો કઈ રીતે કમિશનર કાર્ય કરે છે તેના જ છે. હાઈકોર્ટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા માફી માગવાની જગ્યાએ પોતાનો બચાવ રજુ કરતાં લાલઘુમ થઈ હતી. એક સમયે મુખ્ય ન્યાય મૂર્તિએ સરકારને જણાવ્યું હતું કે હાઈકોર્ટમાં શપથ પર સોગંદનામુ કર્યુ હોવા છતાં પગલાં ન લીધા તે બદલ મ્યુનિસિપલ કમિશ્નરને શોકોઝ નોટિસ મોકલીને જવાબ માંગવો જોઈએ. હાઈકોર્ટે અગાઉ કરેલી ટકોર ફરી દોહરાવી હતી કે સંસ્થાના વડા તરીકે મ્યુનિસિપલ કમિશ્નર જવાબદારીમાંથી છટકી શકે નહીં. ગમે તે નીચેના ઓફિસરને સત્તા આપી હોય પણ સુપરવિઝનની જવાબદારી તેની જ બને..હાઈકોર્ટના ઉગ્ર વલણના પગલે સરકાર તરફે એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કહ્યું હતું કે, અમે સોગંદનામુ પાછુ ખેંચીએ છીએ. હાઈકોર્ટ પણ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, આ સોગંદનામુ અમે રેકોર્ડ પર લઈને કાર્યવાહી ચાલુ કરશું પછી પાછીપાની થઈ શકશે નહીં.

# સિવિલમાં ડેગ્યુથી યુવાનનું મોત થયા બાદ પરિવારજનોએ ધુણીને હોસ્પિટલને માથે લીધી

## વહેલી સવારે હોબાળો મચાવી પરિવારજનોએ તબિબો પર આક્ષેપ કરતા તમાસો જોવા લોકો ભેગા થયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણના શિવરાજપુરના વતની અને હાલ રાજકોટમાં ગોંડલ રોડ ઉપર પુનિત નગર પાણીના ટાંકા પાસે ઝુપડપટ્ટીમાં રહેતા યુવકનું સિવિલ હોસ્પિટલમાં ડેંગ્યુની સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારે કલ્પાંત સાથે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ધુણીને ધમાલ મચાવી હતી. વહેલી સવારે છ વાગ્યાના અરસામાં મૃતક યુવકના પરિવારજનોએ સિવિલ હોસ્પિટલ માથે લેતા ઈમરજન્સી વિભાગનાસ્ટાફ સામે આક્ષેપ બાજી કરી હતી. મૃતકના પરિવારજનોએ ધમાલ મચાવતા તમાશો જોવા લોકો ઉમટી પડયા હતા.

આ અંગેની માહિતી મુજબ જસદણ તાલુકાના શિવરાજપુર ગામના વતની અને હાલ રાજકોટમાં ગોંડલરોડ ઉપર પુનિતનગરના પાણીના ટાકા પાસે આવેલી ઝુપડ પટ્ટીમાં રહેતા વિજય બટુકભાઈ વાઘેલા નામના ૩૦ વર્ષના યુવકને ગત તારીખ ૧૧ના રોજ ડેંગ્યુની સારવાર અર્થ એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાથી ગઈ કાલે તારીખ ૧૨/૦૯/૨૪ના રોજ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા યુવકનું આજે વહેલી સવારે યુવકનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારજનોમાં આકદ છવાયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક વિજય વાઘેલા છ ભાઈ એક બહેનમાં નાનો હતો. અને મંજૂરી કામ કરી પરિવારને બાર્થીક મદદ કરતો હતો. મૃતક વિજય વાઘેલાને સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યુ છે.

યુવકના મોત બાદ યુવકના પરિવારજનો અને સંબંધીઓ સિવિલ હોસિપટલમાં એકઠા થયા હતા. અને સિવિલ હોસ્પિટલના ઈમર્જન્સી વિભાગ સામે કપાઉન્ડમાં કલ્પાંત સાથે ધુણી ધુણીને ધમાલ મચાવી હતી. અને મૃતક યુવકના પરિવારજનોએ સિવિલ હોસ્પિટલના તબીબોની બેદરકારીના કારણે યુવકનું મોત નિપજયુ હોવાનો આક્ષેપ કરી હોબાળો મચાવ્યો હતો. મૃતક યુવકના પરિવારજનોએ કલ્પાંત સાથે ધુણી ધુણીને ધમાલ મચાવી સિવિલ હોસ્પિટલ માથે લીધી હતી. મૃતક યુવકના પરિવારજનોએ હોબાળો મચાવતા તમાશો જોવા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પોલીસને જાણ કરતા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. આ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી રોડ પર ગણેશ પંડાલમાં દારૂ પી ડાન્સ કરનાર ચાર શખ્સો ઝડપાયા

## દારુની કોથળી સાથે ફીલ્મી ગીત પર ડાન્સ કરતા હોવાનો વીડિયો વાયરલ થતા પોલીસે કાર્યવાહી હાથ ધરી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં ગણેશ મહોત્સવની આસ્થાભેર ઉજવણી અંતિમ ચરણમાં છે. ત્યારે રાજકોટના મોરબી રોડ ઉપર આવેલ ગણેશ પંડાલની બાજૂમાં ચાર જેટલા શખસોએ દેશીદારૂની કોથળી શખસો હાથમાં

હાથમાં લઈ ફિલ્મી ગીત ઉપર ડાન્સ કરતા હોય તેવો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થયા બાદ હરકતમાં આવેલી પોલીસે ચારેય શખસોને ઝડપી લીધા છે.

મોરબી રોડ ઉપર આવેલ વેલનાથપરામાં સૂર્યમુખી હનુમાન મંદિર પાસે લોકોએ ગણેશ મહોત્સવનું આયોજન કર્યું છે. આ ગણેશ પંડાલ પાસે જ રહેતા રાજૂ મેરૂભાઈ ડાભી, કિશોર મધુભાઈ રીબડીયા, કાળુ વિમલભાઈ વાડોદરીયા અને સિંધાભાઈ વેલજીભાઈ થરેસા નામના ચાર શાશો ગઈકાલે રાત્રે દેશી દારૂ ઢીંચી આવ્યા હતા. આ ચારેય

દેશી દારૂની કોથળી લઈ હિન્દી ફિલ્મી ગીત નપીલે પીલે ઓ મોરે રાજાથની ધૂન ઉપર ડાન્સ કર્યો હતો. આ ઘટનાનો કોઈએ વિડીયોઉતારી સોશ્યલ મિડીયામાં વાયરલ કરતા બી-ડિવીઝન પોલીસ મથકના પી. આઈ સહિતની ટીમે આ યુવાનોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતો અને બપોર પછી ચારેય શખસોને ઝડપી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોપટપરાના નામચીન ભરત ફુંગસિયાએ ફરી લખણ ઝળકાવ્યા: વધુ એક ફરિયાદ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ તા.૧૩ રાજકોટ શહેરના નામચીન ભરત ફુગસિયા એ ફરી લખાણ ઝળકાવ્યા છે.શહેરના નાનામવા રોડ પર શાસ્ત્રીનગર પાછળ ન્યુ ગાંધીનગર સોસાયટીમાં રહેતાં અને પોપટપરામાં રામજી મંદિર પાછળ રાધીકા ઝેરી નામે દુકાન ધરાવતા પ્રવિણભાઈ રવજીભાઈ કાકડીયા (ઉ.વ.૫૬)નેગઈ તા.૪ના તેની દુકાન પાસે હતા ત્યારે નામચીન ભરત રઘુભાઈ કુંગશીયા (રહે.રોણકી)એ ધારીયુ બતાવી તેને અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પ્રવિણભાઈએ પોલીસને જણાવ્યું કે અગાઉ તેના ભાઈ વિરજીભાઈ કાકડીયા અને તેના સબંધી તેમજ તેના ભાઈના દિકરા કલ્પેશ સાથે નામચીનભરત કુંગશીયા અનેતેના સંબંધીઓ દ્વારા ભુતવડની જમીન બાબતે માથાકુટ કરી હુમલો કર્યો હતો.જે બનાવમાં ફરિયાદો નોંધાઈ હતી.હાલ તે કેસ કોર્ટમાં ચાલુ છે. ગઈ તા.૪નાં તે વિજયભાઈ બારડ સહિતના સાથે દુકાને હતા ત્યારે જીપમાંધસી ગયેલા ભરત કુંગશીયાએ દરવાજો ખોલી બોલાવતા તે ત્યાં ગયા હતા. આ સમયે આરોપીએ તેને નમારી સામે જેટલા કેસો કરવામાં આવ્યા છેતે પરત ખેંચી લેજો, મારી સાથે સમાધાન કરી લ્યો, જો કોર્ટમાંથી મારી સામેના કેસો પરત નહીં ખેંચશો તો હું તને અને તારા પરિવારના સભ્યોને જાનથી મારી નાખીશથ કહી જીપમાં પડેલુંધારીયુંબતાવી નહું હથિયાર સાથે જ રાખું છું કહી ત્યાંથી ભાગી ગયો હતો.આ મામલે હવે પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા એએસઆઈ ડી.વી. ખાંભલા અને સ્ટાફે વધુ તપાસ શરૂ કરી છે.

# સદર બજાર પાસે મંગેતર સાથે ફોનમાં ચડભડ થતા યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

## ચાર દિવસ પહેલા મહીસાગરથી પિતા સાથે કામે આવેલા પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના સદર બજાર વિસ્તારમાં આવેલી હોસ્ટેલમાં ચાર દિવસ પહેલા જ રહેવા આવેલા યુવાને મંગેતર સાથે ફોનમાં બોલાચાલી થતાં હોસ્ટેલનાં રૂમમાં જ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. મુળ મહીસાગર પંથકનો યુવક ચાર દિવસ પહેલા જ પિતા સાથે રાજકોટમાં કામે આવ્યો હતો. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.

જાણવા મળતી વિગત મુજબ, મુળ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ખાનપુર ગામનો વતની અને

છેલ્લા ચાર દિવસથી રાજકોટમાં સદર બજાર પોલીસ ચોકી નજીક આવેલી રાધે હોસ્પિટલમાં પિતા સાથે રહેતા કેશવ દલપતરામ માલીવાડ (ઉ.૨૩) નામના યુવાને હોસ્ટેલનાં રૂમમાં છતના હુક સાથે પ્લાસ્ટીકની પટ્ટી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં પ્ર.નગર પોલીસ મથકના સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક કેશવ તેના પિતા દલપતભાઈ માલીવાડ સાથે ચાર દિવસ પહેલા જ તેના ગામથી અહિં હોટલમાં કામ કરવા માટે આવ્યો હતો અને હોસ્ટેલના રૂમમાં રહેતો હતો.

આજે બપોર સુધી હોટલ પર કામે ન પહોંચતાં તેના પિતા હોસ્ટેલે જોવા ગયા ત્યારે રૂમમાં પુત્રનો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. વધુ તપાસમાં આપઘાત કરનાર કેશવ બે ભાઈ એક બહેનમાં નાનો હતો. તેની સગાઈ તેના વતન નજીકના ગામની યુવતી સાથે થયા હતાં. બે દિવસથી કેશવ અને તેની મંગેતર વચ્ચે ફોનમાં કોઈ બાબતે બોલાચાલી ચાલતી હોય આજે પણ મંગેતર સાથે ફોનમાં ઝઘડો થયા બાદ કેશવે આ પગલું ભરી લીધાનું તેના પિતાએ જણાવ્યું હતું. યુવાન પુત્રના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી.

# અંધ મહિલા વિકાસ ગૃહમાં યુવતિએ ફીનાઈલ ગટગટાવ્યું

- રાધિકા રેસીડેન્સીમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી યુવતિએ પરિક્ષાની ચીંતામાં પગલુ ભર્યાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોઠારીયા વિસ્તારમાં આવેલ રાધિકા રેસીડેન્સીમાં રહેતી અને કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અંધ મહિલા વિકાસ ગૃહમાં હતી ત્યારે પરીક્ષાની ચિંતામાં ફિનાઈલ પી લીધું હતું. વિદ્યાર્થીનીને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા વિસ્તારમાં આવેલી રાધિકા રેસીડેન્સીમાં રહેતી અને કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી રીધ્ધીબેન સુભાષભાઈ દલસાણીયા નામની ૨૨ વર્ષની યુવતી બપોરના ચારેક વાગ્યાના અરસામાં ઢેબર રોડ ઉપર આવેલ અંધ મહિલા વિકાસ ગૃહમાં હતી. ત્યારે ફીનાઈલ પી લીધું હતું. રિદ્ધિબેન દલસાણીયાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસિપટલ પોલીસ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં રિદ્ધિબેન દલસાણીયા કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે અને ગઈ કાલે અંધ મહિલા વિકાસ ગૃહમાં હતી ત્યારે પરીક્ષાની ચિંતામાં ફીનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ભક્તિનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વેજા ગામની વિડિની કરોડની જમીન પ્રકરણમાં દાવો ફગાવતી અદાલત

- જમીનના કરારપાલન સંદર્ભે કોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

વેજાગામની વીડી તરીકે ઓળખાતી જમીન પૈકી એકર ૪.૩૧ ગુંઠા કરોડોની જમીનના કરારપાલન સંદર્ભે મુંજકાના રહેવાસીએ કરેલો દાવો સિવિલ કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યો છે.

આ દાવાની ટુંકી વિગત મુજબ, મુંજકાના રહીશ કાથળભાઈ હરસુરભાઈ સેગલીયાએ સ્વ. અભેસિંહ મુળુભા જાડેજાની રાજકોટ તાલુકાના વેજાગામના રે.સ.નં.૨૭ પૈકીની વીડી તરીકે ઓળખાતી એકર ગુંઠા ૩૮-૨૫ જમીન માહે એકર ૪-૩૧ ગુંઠા જમીન વેચાણનો તા. ૧૮/૧/૧૯૭૫નો સ્વ. અભેસિંહ મુળુભા જાડેજા દ્વારા વેચાણ કરાર (૧) કાથળભાઈ સેગલીયા રહે. નવા મુંજકા (૨) નાગદાનભાઈ રામભાઈ જલુ રહે. રાજકોટને એક વિઘાના રૂા. ૩૭૫/- લેખે વેચાણ કરાર કરેલ અને જેમાં કોર્ટ દ્વારા પ્રતિવાદીઓને હાજર થવા સમન્સ ઈસ્યુ કર્યા હતા. તેમાં પ્રતિવાદીઓ વતી એડવોકેટ સંજય એચ. પંડયા, અર્જુન પટેલે તેની સુથી પેટે રૂા. ૧૨૫૦/- આપેલ છતા અભેસિંહ મુળુભાના વારસો કરારની અમલવારી કરતા ન હોય, અને તા. ૧૨/ ૯/ ૨૦૧૪ના રોજ જે.સી.બી.વાળાને મોકલી આ જમીન પ્રવેશ કરવા લાગતા હાલનો દાવો લાવવાની ફરજ પડી હોવાનું તેમ જણાવીને રાજકોટ પ્રિન્સિપાલ સિવિલ જજ સમક્ષ કરારના વિશિષ્ટ અમલ મળવા અને કાયમી મનાઈ હુકમ વિજ્ઞાપનનો દાવો ગુજરનાર અભેસિંહ મુળુભા જાડેજાના વારસદારો રાજેન્દ્રસિંહ, જયદેવસિંહ, કિશોરસિંહ, નવલસિંહ, યોગેન્દ્રસિંહ, પુષ્પાબા તથા જયેન્દ્રબા, વૈશાલીબા વગેરે સામે વર્ષ ૨૦૧૪માં દાખલ કર્યો હતો.

કોર્ટમાં હાજર થઈને સિવિલ પ્રોસિ. કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ અરજી આપીને દાવો રદ કરવા લેખીત તથા મોખીક દલીલો કરીને જણાવેલ કે, હાલનો કહેવાતો વેચાણ કરાર ઉભો કરેલ ખોટો, બનાવટી છે, ઉપરાંત હાલનો દાવો કાથડભાઈ ૩૯ વર્ષ બાદ કોર્ટમાં લાવ્યા છે, જેથી વાદીનો દાવો લિમિટેશન બહારનો હોય તથા ઉચ્ચ અદાલતના જજમેન્ટો રજુ રાખીને દાવો રદ કરવા જણાવ્યું હતું.

સિવિલ કોર્ટે બન્ને પક્ષોની દલીલો સાંભળી તથા પુરાવાઓ ધ્યાને લઈ વાદી કાથડભાઈ હરસુરભાઈ સેગલીગાનો દાવો રદ કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં પ્રતિવાદીઓ વતી એડવોકેટસ સંજય પંડયા, અર્જુન પટેલ, મનિષ પંડયા, ઈરશાદ શેરસીયા, જયદેવસિંહ ચૌહાણ, રોકાયા હતા.

# રાજકોટ જીલ્લા જેલમાં પાકા કામના કેદીનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મૂળ ભાવનગરના વતની અને હાલ રાજકોટ મધ્યસ્થ જેલમાં પત્નીની હત્યાના ગુનામાં સજા કાપતા પાકા કામના કેદીએ કોઈ અગમ્ય કારણસર બીમારીની વધુ પડતી દવા પી લેતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ ભાવનગરના વતની અને હાલ રાજકોટ સેન્ટ્રલ જેલમાં બેરેક નં.૩માં પાકા કામના કેદી તરીકે સજા કાપતા જીવરાજભાઈ જાદવભાઈ રાઠોડ નામના ૭૪ વર્ષના કેદીએ બપોરના બેએક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર બીમારીની વધુ પડતી દવા પી લીધી હતી. વૃદ્ધ કેદીને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં જીવરાજભાઈ રાઠોડની પત્ની તેજુબેનને બાવાજીના ઘરમાં બેસવું હતું જેના કારણે જીવરાજભાઈ રાઠોડએ પત્ની તેજુબેનની હત્યા કરી હતી. પત્નીની હત્યાના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી જીવરાજભાઈ રાઠોડ રાજકોટ સેન્ટ્રલ જેલમાં જન્મટીપની સજા કાપી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં કુવાડવાના ફાળદંગ ગામે પરિવાર સાથે ખેત મજૂરી અર્થે આવેલી સુમિતાબેન સામાભાઈ નામની ૨૬ વર્ષની પરિણીતાએ કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.